# ઈશ્વરે આપેલી ભેટ



એક નાનકડા વાછરડાએ પોતાની માતાનું દૂધ પીધું અને તે આનંદથી આમ-તેમ ઉછાળા ભરવા માંડયું. દાદાજીએ તેને પકડીને ધીમે ધીમે થાબડયો.

તેજ સમયે ચંદુ, હરિ, સીતા, રાજુ અને ચિટી દોડતાં દોડતાં ત્યાં આવી ચડયા અને તેની આજુબાજુએ વીંટળાઇ ગયા. તેઓ ઉનાળાની રજાઓમાં પોતાને ગામ આવ્યાંર હતાં. "દાદાજી, તમે કહ્યું હતું કે  આજે તમે અમને એક વાર્તા સંભળાવશો!'' તેમણે યાદ અપાવી.

"ઠીક છે, હું સંભળાવીશ. પરંતુ પહેલા તમારે એક પ્રશ્નનો જવાબ આપવો પડશે." દાદાજીએ પોતાની ઘાટી મૂછોમાં હસતાં હસતાં કહ્યું.

"છોને દાદાજી       !" બાળકો એકીસાથે બોલી ઊઠયાં.

"શું તમે મને બતાવી શકો છો કે ઇશ્વરે તમને સૌથી સારી વસ્તું કઇ આપી છે?"

ચંદુએ ઉત્સોહમાં આવીને કહ્યું, "સોમ અને હું અમારા કલાસમાં મોખરે રહેવા માટે હંમેશાં હરીફાઇ કરીએ છીએ. તે દર વખતે પરીક્ષામાં પહેલો નંબર આવે છે. પરંતુ આ વખતે થયેલી પરીક્ષામાં તેની જગ્યા એ હું પહેલો આવ્યોુ. દાદાજી! મને લાગે છે ઇશ્વરે મને હમણાં સુધીની આજ સૌથી સારી ભેટ આપી છે!"

"બહુ સરસ, બેટા! તું બતાવ સીતા?" દાદાજીએ કહું.

"જુઓ દાદાજી, મારા પપ્પાબ હંમેશા તિરુપતિમાં રજાઓ વિતાવવા લઇ જાય છે.  પરંતુ હું હંમેશા ઐતિહાસિક સ્થા નોએ જવા માંગુ છું, જેના વિશે અમે અમારી ચોપડીઓમાં વાંચીએ છીએ.પરંતુ આ વખતે પપ્પાં અમને આગ્રા લઇ ગયા, અને તે માટે અમારે એમને  કંઇ કહેવું પણ ન પડયું. અમે પૂનમના દિવસે તાજમહેલ જોયો. દાદાજી, અમને એટલી મજા આવી કે શું બતાવું? મને લાગે છે કે ઇશ્વરે મને સૌથી સારી ભેટ આજ આપી છે." સીતાએ ખુશી-ખુશી  પોતાની વાત સમાપ્તમ કરી.

રાજુએ ખૂબ ચતુરાઇથી જવાબ આપ્યો , "મારો દિવસ તો નિશાળે જવાની ભાગદોડમાં જ નીકળી જાય છે. તેથી મને લાગે છે કે અમારા જેવા બાળકો માટે તો આ રજાઓ જ ઇશ્વરની જ સૌથી મોટી ભેટ છે. અમે આખો દિવસ લખોટી રમવા, ઝાડ પર ચડવા અને રસ્તાટ પર બીજી રમતો રમવામાં વિતાવી શકીએ છીએ.

"પ્યા રા દાદાજી, હું તો આપના પૂછતાં પહેલાં જ બતાવી દઉં છું. હું મારી સ્કૂ લની સંગીત હરિફાઇઓમાં તો ખૂબ ઇનામ જીતું છું. એનો મતલબ તો  એ જ કે મારો અવાજ જ મને ઇશ્વરથી મળેલી સૌથી મોટી દેન છે. બરાબર કે નહીં?" હરિએ ગર્વથી કહયું.

છ વષની  ચિટી પોતાના હાથ ચિબુક પર ટીકાવીને ચુપચાપ બેઠી હતી. દાદાજીએ તેને ઉઠાવીને પોતાના ખોળામાં બેસાડી અને પૂછયું, "તું પણ બતાવ મારી નાનકડી પરી!"

"મમ્મી !  " ચિટીએ ભોળપણમાં કહ્યું બધા બાળકોને તેના જવાબ પર આશ્ચર્ય થયું અને શરમ પણ આવી કે આ જવાબ આપણને મગજમાં કેમ ન આવ્યો ? દાદાજીની આંખો ચમકવા લાગી. " તે બિલકુલ સાચો જવાબ આપ્યો મારી વ્હાલી દિકરી. દરેક મા હંમેશા પોતાના બાળકોનું ભલું ચાહે છે તે બાળકના જન્મતા પહેલા જ તેની લાતો ખાવાનું શરૂ કરી દે છે પછી તે ત્યારે પણ સહનશીલ બની રહે છે જ્યારે બાળકો મોટા થઈને તેની વાત પર ધ્યાન

આપતા નથી. તે હંમેશા ફક્ત તેમનું ભલું જ ઈચ્છતી હોય છે. તે તેમના માટે પરેશાનીઓનો સામનો કરે છે. અને પોતાના બાળકના ચહેરા પર ખુશી જોવા માટે કોઈપણ કુરબાની આપવામાં પાછળ નથી હટતી. ઈશ્વર કોઈને પણ મા કરતા વધુ સારી ભેટ શું આપી શકે ? શું તમને ખબર છે કે ભગવાને માને બનાવી જ એટલા માટે છે કારણ કે દરેક જગ્યાએ દરેક સમયે સાથે નથી રહી શકતો?.

"હા, તે મા જ હતી જેણે પપ્પાને ઐતિહાસિક સ્થળોએ લઈ જવાની મારી ગુપ્ત ઈચ્છા વિશે કહ્યું હતું, જ્યારે હું તેમને આ વાત નહોતી કહી શકી ત્યારે. તેને મારી ઈચ્છાની ખબર હતી અને તેણે જ પિતાજીને કહ્યું. તેથી તેઓ અમને આગ્રા લઈ ગયા."

રાજુએ કહ્યું, " મા એ અમારી તરફથી પિતાજીને વચન આપેલું કે અમે સાવધ રહીશું અને ગામમાં અમારી રજાઓ દરમિયાન કોઈ સમસ્યામાં ફસાશું નહીં અથવા ઘાયલ નહી થઈએ. ત્યારે જ તો પિતાજી અમને અહીં રજાઓ ગાળવા માટે મોકલવા રાજી થયા. નહીંતર તે રાજી ન થાત ". " મા આખું અઠવાડિયું ઘરના કામમાં વ્યસ્ત રહે છે. તેમ છતાં તે ભજન શિખવાડવા માટેનો સમય કાઢી લે છે. મીરાંબાઈના ભજન. અને હું જ્યારે ઈનામ મેળવું છું ત્યારે તે એટલી ખુશ થાય છે કે જાણે એણે જ ઈનામ ના જીત્યું હોય ! મારી મા જ તે સૌથી મોટું ઈનામ છે જે ઈશ્વરે મને આપ્યું છે. વાસ્તવમાં, તેનું નામ ન લેવું જ મારા માટે યોગ્ય નહોતું." હરિએ પોતાને દોશી માનતા કહ્યું.

" જ્યારે મારી મા મારી પાસે સુવે છે, ત્યારે મને બીક નથી લાગતી. તે મને સુરક્ષિતતાનો અનુભવ કરાવે છે. તે હમણાં અહીં નથી. હું તેને બહુ યાદ કરું છુ. પ્યારા દાદાજી શું તમે મને મારી મમ્મી પાસે પાછી મોકલી આપશો ?" ચિટીએ ઉદાસ સ્વરે પૂછયું.

"મારી પ્યારી પરી, કાલે અમારા ઘરે ખૂબ મોટી પૂજા છે. તેથી ફક્ત તારી જ નહીં બાકી બધાની માતાઓ અહીં આવશે, તમારી બધાની વાતો સાંભળીને હવે હું પણ મારી માતા વિશે વિચારી રહ્યો છું. જ્યારે અમે ખુબ નાના હતા ત્યારે તે અમેને રાંધેલું બધુ ભોજન આપી દેતી પછી જ્યારે તેના માટે કઈ ન વધતું તે કહેતી કે તેને તો ભૂખ જ નથી. અને પોતાની ભૂખ

મટાડવા માટે પાણી પી લેતી," દાદાજીએ પોતાની આંખોમાં ચમકતા આસુંઓ સાથે કહ્યું.

" દાદાજી, એ બતાવો કે શું તમે ખૂબ તોફાની હતા ? " રાજુએ આ પ્રશ્ન પૂછીને ધીમેથી વિષય બદલી નાખ્યો. અચાનક ત્યાંનો માહોલ ઉત્સાહથી ભરાઈ ગયો અને દાદાજી પોતાના બાળપણના કિસ્સા સંભળાવવા લાગ્યા, જેને સાંભળીને બાળકો ખૂબ હસ્યા અને તાળીઓ પાડી.

સૌજન્ય : ચાંદામામા